INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                                    તા. ૨૧-૦૫-૨૦૨૬

- **ભાજપ સરકારની નિષ્ફળતાને કારણે આજે ખેડૂતો, યુવાનો અને સામાન્ય જનતા હેરાન પરેશાન : શ્રી અમિત ચાવડા**
- **વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને સંકટની અગાઉથી જાણ હોવા છતાં સરકાર યોગ્ય આયોજન કરવામાં સંપૂર્ણ નિષ્ફળ : શ્રી અમિત ચાવડા**
- **વડાપ્રધાન વિદેશમાં મેલોડી ચોકલેટો વહેંચીને વાહવાહી લૂંટવામાં વ્યસ્ત , જ્યારે ગુજરાતમાં ખેડૂતો ડીઝલ-ખાતર માટે કલાકો સુધી લાઈનમાં ઊભા : શ્રી અમિત ચાવડા**
- **સરકાર તાત્કાલિક પેટ્રોલ, ડીઝલ અને ખાતરની પૂરતી વ્યવસ્થા ઉભી કરે તેવી કોંગ્રેસ પક્ષની માંગ : શ્રી અમિત ચાવડા**
- **જનતાએ પેટ્રોલ, ડીઝલ, ગેસ અને ખાતર જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે લાઈનોમાં ઊભા રહેવા ભાજપને મત આપ્યા નથી : શ્રી અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારની નિષ્ફળતાઓને કારણે પેટ્રોલ-ડીઝલની અછતને કારણે સામાન્ય જનતા અને ખાસ કરીને ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિમાં સરકારને આગોતરી ખબર હોવા છતા દેશમાં પૂરતો જથ્થો હોવાના અને ચિંતા ન કરવાના ભાજપ સરકારે મોટા મોટા દાવા કર્યા હતા, પરંતુ વાસ્તવિકતાનું તદ્દન અલગ ચિત્ર જોવા મળી રહ્યું છે. હાલ ખેતીની મુખ્ય સીઝન ચાલી રહી છે ત્યારે ટ્રેક્ટરો માટે ડીઝલ મેળવવા સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજ્યના અન્ય ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને પેટ્રોલ પંપો પર ૫ થી ૧૨ કલાક સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, છતાં તેમને પૂરતું ઈંધણ મળતું નથી. આ ઉપરાંત, નોકરીએ જતા યુવાનોને મોટરસાયકલમાં પેટ્રોલ પુરાવવા માટે રઝળપાટ કરવો પડે છે, અને ફોર વ્હીલર ગાડીઓમાં પણ ચોક્કસ રકમનું જ ઈંધણ આપવાનું રેશનિંગ શરૂ કરી દેવાયું છે. આમ, અગાઉથી સંકટની જાણ હોવા છતાં યોગ્ય આયોજનના અભાવે આજે ગુજરાતનો ખેડૂત અને સામાન્ય નાગરિક દરેક રીતે હેરાન-પરેશાન થઈ રહ્યો છે.

એક તરફ દેશના વડાપ્રધાન વિદેશ પ્રવાસો ખેડીને મેલોડી ચોકલેટ આપીને ફોટોપડાવીને પોતાની વાહવાહી લૂંટવામાં વ્યસ્ત છે, જ્યારે બીજી તરફ દેશનો સામાન્ય નાગરિક, યુવાન અને ખેડૂત પાયાની સુવિધાઓ માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ સરકારની સ્પષ્ટ નિષ્ફળતા છે. જનતાએ સત્તાધારી પક્ષને પેટ્રોલ, ડીઝલ, ગેસ અને ખાતર જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવા માટે મત આપ્યા નથી. સુખ-સુવિધા મેળવવી એ નાગરિકોનો અધિકાર છે. તેથી, વિપક્ષ પૂરતા પ્રમાણમાં ઈંધણનો પુરવઠો સુનિશ્ચિત કરવા અને ખેડૂતોને સમયસર ખાતર મળી રહે તેવી તાત્કાલિક વ્યવસ્થા ઉભી કરવા સરકાર સામે માગણી કરીએ છીએ.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવકતા,
૯૮૯૮૨૩૩૦૩૮